# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-09-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

- શિક્ષક દિન નિમિત્તે રાજ્યના 28 શ્રેષ્ઠ શિક્ષકોને અમદાવાદમાં પારિતોષિક એનાયત કરતાં રાજ્યપાલ- દિલ્હીમાં રાષ્ટ્રપતિએ ગુજરાતના બે શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ આપી સન્માનિત કર્યા..
- આવતીકાલથી જળસંચય અભિયાનનો આરંભ થશે- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરતમાં યોજાનારા કાર્યક્રમમા વર્ચ્યુઅલી સંબોધન કરશે..
- કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર તૂટી પડવાની ઘટનામાં ગુમ થયેલા એક જવાનની સમુદ્રમાં તટરક્ષક દળ દ્વારા શોધખોળ..
- રાજ્યમાં ગુટકા, તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ એક વર્ષ લંબાવાયો..
- રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યુ... આગામી બે દિવસ દરમિયાન છુટાછવાયા ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી..
- આવતીકાલથી વિશ્વ વિખ્યાત તરણેતરના મેળાનો આરંભ થશે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE LEVEL TEACHER'S DAY AWARD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના 28 શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અર્પણ કરાયા.

અમદાવાદમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યપાલે કહ્યું હતું કે, શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણની જવાબદારી શિક્ષકની છે. શિક્ષકો સમર્પણભાવથી પ્રામાણિકતાપૂર્વક કર્તવ્યપાલન કરે તો સમાજમાં મોટું પરિવર્તન આવી શકે તેમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાના સંબોધનમાં કહ્યુ હતું.

**(બાઇટ રાજ્યપાલ)**

શિક્ષકોને એવોર્ડ અર્પણ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો નથી, તેની અંદરનું શિક્ષકત્વ સતત જાગૃત રહે છે..

**(બાઇટ – ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી)**

આ ઉપરાંત, દિલ્હી ખાતે યોજાયેલા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાતના બે શિક્ષકો પુરસ્કાર એનાયત કર્યા હતા.

# DIST. TEACHER’S DAY

રાજ્યભરમાં આજે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી..

જે અંતર્ગત જામનગરમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ શ્રેષ્ઠ શિક્ષકો અને વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવેલા 15 વિદ્યાર્થીઓનું સન્માન કર્યું.

વઢવાણમાં સાંસદ ચંદુભાઇ શિહોરા અને મહેસાણામાં રાજ્યસભાના સાંસદ મયંક નાયક અને લોકસભા સાંસદ હરિ પટેલની ઉપસ્થિતિમાં શિક્ષક દિનની ઉજવણી કરાઇ..

તો ખેડામાં સાંસદ દેવુસિંહ ચૌહાણ અને પંચમહાલમાં સાંસદ રાજપાલસિંહ જાદવની અધ્યક્ષતામાં શિક્ષકોનું બહુમાન કરાયું.

ડાંગ જિલ્લાની સરકારી માધ્યમિક શાળા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોનું બહુમાન કરાયું હતું.

પાટણ જિલ્લામાં રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોરની અધ્યક્ષતામાં 7 શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા.

વલસાડ, છોટા ઉદેપુર, અમદાવાદ જિલ્લામાં પંચાયતના પ્રમુખે શ્રેષ્ઠ શિક્ષકો અને વિવિધ પરીક્ષાના વિદ્યાર્થીઓનું સન્માન કર્યું..

રાજકોટમાં ૩ તો પોરબંદરમાં ચાર શ્રેષ્ઠ શિક્ષકોનું રોકડ પુરસ્કાર આપી સન્માન કરાયું.

દ્વારકા જિલ્લાની વિવિધ શાળાઓમાં આજે બાળકોએ એક દિવસ માટે શિક્ષક બની અભ્યાસ, વહીવટી જ્ઞાન સહિત તમામ વ્યવસ્થાઓ સંભાળીને શિક્ષક દિનની ઉજવણી કરી.

## VIDHANSABHA- TEACHER’S DAY

ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૬મી જન્મજયંતિએ ગુજરાત વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. શ્રી ચૌધરીએ જણાવ્યું કે, ડૉ. રાધાકૃષ્ણનન એક મહાન તત્વચિંતક, વિચારક, શિક્ષક તેમજ ભારતીય દર્શનના પ્રણેતા હતા. તેમના રાષ્ટ્રપતિ કાર્યકાળમાં સંવિધાનને કેન્દ્રસ્થાને રાખી દેશને નવી દિશા આપવાનું કાર્ય કર્યું હતું.

## COAST GUARD-PILOT

પોરબંદરના દરિયામાં ભારતીય તટરક્ષક દળના ધ્રુવ હેલિકોપ્ટરનાં ગુમ થયેલા પાયલટને શોધવા માટે સઘન શોધખોળ અભિયાન ચાલુ છે. તટરક્ષક દળના ચાર નૌકા દળના બે જહાજો અને કેટલાંક વિમાનો દિવસ રાત ગુમ થયેલા પાયલટની શોધ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે 2 સપ્ટેમ્બરનાં રોજ મોટર ટેન્કરનાં ચાલક દળનાં સભ્યને મેડિકલ સહાય પૂરી પાડવા માટે રવાના થયેલું એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર દરિયામાં તૂટી પડ્યું હતું. આ ઘટનામાં એક પાયલટને બચાવી લેવાયા હતા અને ચાલક દળનાં બે સભ્યોનાં મૃતદેહો મળી આવ્યા હતા.

ભારતીય તટરક્ષક દળના કમાન્ડન્ટ અમિત ઉનિયાલે આકાશવાણી સમાચારને જણાવ્યું કે, નૌકા દળની ક્લિયરન્સ ડાઇવિંગ ટીમ તથા વિશેષ જહાજો બચાવ અભિયાનમાં મદદ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું કે, લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો છે અને બ્લેક બોક્સની શોધ ચાલુ છે.

# PM- JAL SANCHAY ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બપોરે સાડા બાર વાગ્યે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સુરતમાં 'જળ સંચય જન ભાગીદારી' પહેલની શરૂઆત કરાવશે.. તેઓ આ કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધશે..રાજ્ય સરકારની આગેવાની હેઠળની જળ સંચય અભિયાનની સફળતાના આધારે, જલ શક્તિ મંત્રાલય અને રાજ્ય સરકારના સહયોગથી આ અભિયાન શરૂ થઇ રહ્યું છે.

રાજ્ય સરકારે પાણી સુરક્ષિત ભાવિ સુનિશ્ચિત કરવા માટે નાગરિકો, સ્થાનિક સંસ્થાઓ, ઉદ્યોગો અને અન્યની સહભાગીદારી સાથે આ અભિયાન શરૂ કર્યું છે.

## JAL SANCHAY ABHIYAN

વરસાદના પાણીના એક એક ટીપાનો ભૂગર્ભમાં સંગ્રહ કરીને ભૂગર્ભ જળ ઉંચા લાવવાના હેતુથી જળસંચય જનભાગીદારી અભિયાનનો આરંભ થયો છે.. આ અંતર્ગત માંડવી તાલુકાના તડકેશ્વર ખાતેથી કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે સુરત જિલ્લાના ૫૮૭ ગામોમાં ૧૦ કરોડ ૪૩ લાખના ખર્ચે ૨ હજાર ૩૧ જેટલા જળસંચયના કાર્યોનો પ્રારંભ થયો. મંત્રીએ રેઈન વોટર હાર્વેસ્ટિંગના ડિજીટલ મોનિટરીંગ ડેશ બોર્ડનું લોન્ચિંગ પણ કર્યું હતું.

આ અંગે શહેરમાં ચાલી રહેલા જળસંચય અભિયાન અંગે સુરત મહાનગરપાલિકાના કમિશ્નર શાલિની અગ્રવાલે આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- શાલિની અગ્રવાલ)**

## RAIN

રાજ્યમાં સવારના છ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધીમાં 178 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે.. ગાંધીનગરના માણસમાં અને મહેસાણાના વિજાપુરમાં 4 ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે..ઉપરાંત, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને સૌરાષ્ટ્રના અમરેલી અને બોટાદમાં ઘણા વિસ્તારોમાં વરસાદના અહેવાલ છે.

હવામાન વિભાગે આજે અને આવતીકાલે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લા અને કેન્દ્રશાસિત દાદરા અને નગર હવેલીમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપી છે. માછીમારોને આઠ ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવાની સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં મોસમનો સરેરાશ 119 ટકા વરસાદ પડી ચૂક્યો છે. સૌથી વધુ 183 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે. સૌરાષ્ટ્ર ઝોનમાં 127 ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં 121 ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં 115 ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં 99 ટકા વરસાદ પડ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં કુલ 87 ટકા જળસંગ્રહ થયો છે. રાજ્યનાં કુલ 206 જળાશયોમાંથી 116 જળાશય 100 ટકા, 44 જળાશય 70થી 100 ટકા અને 17 જળાશય 50થી 70 ટકા વચ્ચે ભરાયા છે. 142 જળાશય હાઇ એલર્ટ પર, 10 જળાશય એલર્ટ પર છે.

# MAHISAGAFR SUJLAM SUFLAM

રાજ્ય સરકાર દ્વારા સુજલામ સુફલામ્ જળ સંચય અભિયાન અંતર્ગત જળ સંગ્રહ શકિત વધે તે માટે તળાવ ઊંડા કરવાની કામગીરી થાય છે. જેના ભાગરૂપે મહીસાગરના ખેડૂતોને સિંચાઇનો લાભ મળશે, તેમ મહિસાગર જીલ્લાના નાની સિંચાઇ વિભાગના ઇજનેર એ.આર. શાહે આ મુજબ જણાવાયું હતું..

**(બાઈટ- કાર્યપાલક ઇજનેર- નાની સિંચાઇ વિભાગ- મહીસાગર)**

## ANIMAL HUSBANDARY DESION

રાજ્ય સરકારની સંસ્થાઓ ખાતે પશુઓમાં સેક્સડ સીમેન ડોઝથી કૃત્રિમ બીજદાન કરવા માટે હાલમાં લેવામાં આવતી ફી ૩૦૦ રૂપિયાથી ઘટાડીને ૫૦ રૂપિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે..

પાટણ ખાતે સેક્સડ સીમેન લેબોરેટરીમાં એક સેક્સડ સીમેન ડોઝના ઉત્પાદન માટેનો રાજ્ય સરકારનો પડતર ખર્ચ ૭૧૦ રૂપિયા જેટલો છે.

## GUTKA PRATIBANDH

રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ વધુ એક વર્ષ માટે લંબાવાયો છે.. રાજ્યના નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને તે માટે આ પ્રતિબંધ આગામી ૧૩ સપ્ટેમ્બર,૨૦૨૪થી વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે.

## CENTRE-ONION

ડુંગળીના ભાવ વધારાને ધ્યાનમાં રાખીને અમદાવાદ સહિતનાં આઠ શહેરોમાં રાહત દરે ડુંગળીનું વેચાણ કરવામાં આવશે. દિલ્હી-એનસીઆરમાં 35 રૂપિયા પ્રતિ કિલોગ્રામ ડુંગળીનાં વેચાણ માટે કૃષિ ભવન ખાતે મોબાઇલ વાનને લીલીઝંડી આપ્યા બાદ કેન્દ્રીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી પ્રહલાદ જોષીએ જણાવ્યું કે, આગામી દિવસોમાં અમદાવાદ, કોલકતા, ભુવનેશ્વર, હૈદરાબાદ, ચેન્નાઇ, બેંગલુરુ, ગુવાહાટી અને રાયપુરમાં પણ આ રીતે રાહત દરે ડુંગળીનાં વેચાણની યોજના છે.

# TARNETAR NO MELO

સુરેન્દ્રનગરના થાનગઢ તાલુકામાં આવેલા તરણેતર ખાતે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વવિખ્યાત તરણેતરનો ભાતીગળ લોકમેળો આવતીકાલથી યોજાશે.. ભાદરવા સુદ ત્રીજથી પાંચમ સુધી એટલે કે તા. ૦૬ થી ૦૯ સપ્ટેમ્બર સુધી યોજાનારા આ મેળાનો આરંભ ત્રિનેત્રેશ્વર મહાદેવના પૂજન સાથે થશે..

આ લોકમેળો પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાની ઉપસ્થિતિમાં શરૂ થશે. ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું કેવડાથી પુજન અને જલાભિષેક કરીને તેનો પ્રારંભ થશે.. તરણેતરીયા મેળામાં સૌપ્રથમ વાર યોજાશે.. ગ્રામીણ પારંપરિક સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાશે પાંચાળની પુરાતન લોકસંસ્કૃતિને ઉજાગર કરતાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, ગ્રામીણ રમતોત્સવ, પશુ પ્રદર્શન સહિતના કાર્યક્રમો યોજાશે.